# ઉત્થાન

पेटलाद એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૩ | માર્ચ-જુલાઈ -૨૦૧૦ | ❋ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- | ❋ છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૧૯ થી ૨૧



❋ **તંત્રીશ્રી :**
પ્રિ. ડૉ. વિમલ જોષી

❋ **મદદનીશ તંત્રીશ્રી :**
શ્રી સુમનભાઈ એમ. પારેખ (ગ્રંથપાલ)

❋ **સહ તંત્રીશ્રીઓ :**
ડૉ. જી. સી. કાછીઆ (આમંત્રિત)
પ્રા. વિજય પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા
પ્રા. બી.ડી.જોષી

❋ **વિદ્યાર્થી સંપાદકો :**
સોલંકી ઈન્દિરાબેન
પટેલ સોનમ
રાણા મમતા
મનસુરી નિલોફર
શર્મા કિરણ વી.
સુથાર શ્રધ્ધા



❋ **પ્રકાશક :**
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮ ૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬
Website :
www.petladcollege.com


**તંત્રીશ્રી અને સહતંત્રીશ્રીની કલમે....**

## " વાંચે ગુજરાત "

**"આવો સાથે મળી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શરૂ કરેલ " વાંચે ગુજરાતના નૂતન અભિગમને સફળ બનાવીએ...**

આજના આધુનિક અને ટેક્નોલોજી યુગમાં સમાજના પ્રત્યેક પરિવારના બાળકો અને યુવાપેઢી આઈ.ટી. યુક્ત અને નવિન યાંત્રિક સાધન સામગ્રી પ્રાપ્ત કરી દેશની પ્રગતિ હાંસલ કરી છે; પરંતુ સમાજનો પ્રત્યેક યુવા તેનો દાસ બની ચૂક્યો છે. તે વિદેશી સંસ્કૃતિથી અંજાઈ પોતાના દેશની કે રાજયની સંસ્કૃતિ અંગે કંઈજ જાણતો નથી. તેથી વિદેશી સંસ્કૃતિના ગુણગાન ગાય છે. આપણે જયારે આપણાપણું ભૂલવા લાગીએ છીએ, ત્યારે આપણે ભૂલવું ન જોઈએ કે આપણા ઋષિમુનિઓ વૈજ્ઞાનિકો હતાં. રાજ્યમાં વિવિધ ક્ષેત્રોમાં આગવું પ્રદાન કરનારા વૈજ્ઞાનિકો લેખકો, કવિઓ, સમાજસેવકો, દેશનેતાઓ, તત્વચિંતકો, સંતમહાત્માઓ, રાજનેતાઓ, ઉદ્યોગ-પતિઓ વગેરે હતાં કે જેમણે ગુજરાત રાજયને "સ્વર્ણિમ ગુજરાત" બનાવવામાં પ્રાચીન અને અર્વાચીન મધ્યકાલીન સમયમાં પણ પોતાનું આગવું પ્રદાન પૂરું પાડ્યુ હતું; જે આજના યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે. પરંતુ આજની યુવાપેઢી તેઓથી બિલકુલ અજાણ અને અજ્ઞાત છે.

તો આવા સમયે સમાજના પ્રત્યેક કુંટુંબ,માતા-પિતા, ભાઈ-બહેન; સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં કાર્યરત પ્રતિષ્ઠિત વ્યક્તિ, દરેક શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલ વિશિષ્ટ વ્યક્તિની પ્રથમ ફરજના ભાગ રૂપેએ કર્તવ્ય બની રહે છે કે, આપણે આપણા બાળકને મહાન ભારત અને સ્વર્ણિમ ગુજરાતના નિર્માણમાં મહામૂલ્ય યોગદાન થી વાકેફ કરીએ. અથવા તેવી મહાન વ્યક્તિઓના જીવનચરિત્રો, પ્રેરણાત્મક પ્રસંગો, ઘટનાઓ, હકીકતો સમાજમાં બનતી ઘટનાઓની ઘટમાળ, લોકજીવન પ્રકૃતિ-સંસ્કૃતિ, સુખ-દુઃખના સંવાદોથી તેમને માહિતગાર કરીએ.

આ કાર્યમાટે આપણે ઉત્તમ પુસ્તકોનો સહારો લેવો પડશે. આપણે આપણા બાળકોને આપણા જીવનમાં, કે અન્યના જીવનમાં પ્રેરણા પૂરી પાડનાર ઉત્તમ ગ્રંથોથી માહિતગાર કરી જીવન દરમ્યાન કેટલાક સારા અને માહિતીસભર ઉત્તમ ગ્રંથોના વાંચન માટે તેઓને અંગૂલિ-નિર્દેશ કરીએ, આપણી પાસે આવાં ઉત્તમ પુસ્તકો ઉપલબ્ધ હોય તો પોતે વાંચીએ, બીજાને વાંચવા આપીએ, અને તેને સમાજનાં પ્રત્યેક નાગરિકના હાથ સુધી પહોંચાડવામાં મદદ કરીએ, અને તેની શરૂઆત આપણે આપણા ઘરથી અને આપણા જ બાળકોથી જ કરીએ. આ માટે ગુજરાત રાજ્ય સરકારે "વાંચે ગુજરાત" અભિયાનનો રાજયવ્યાપી પ્રારંભ કરેલ છે. આપણી પેઢી સુસંસ્કારોથી સજ્જ બને તેમાં પુસ્તકોનો અને પુસ્તકાલયોનો ફાળો બહુમૂલ્ય છે. 'વાંચે ગુજરાત' અભિયાન થકી સાહિત્યિક વારસો જાળવવાનો પ્રારંભ રાજયવ્યાપી બન્યો છે, એ આપણા સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે.

'સ્વર્ણિમ વર્ષ ઉજવણી મહોત્સમાં એક ઉમદા વિચાર લાવી આપણા ગુજરાતીઓ વાંચે, વિચારે, વિકસે અભિયાન ઉપાડ્યું છે. આ અભિયાનને સફળ બનાવવા આપણે સૌ સાથે મળી શક્ય તેટલો સહકાર આપીએ આપણે આપણા બાળકને સ્કૂલ, કોલેજના સ્થળે વાંચે ગુજરાત અભિયાન દ્વારા પ્રકાશિત પુસ્તકો ઉપલબ્ધ કરાવ્યા છે. તેનું વાંચન કરવા શક્ય તેટલી મદદ કરી પ્રેરણા પૂરી પાડીએ. તેના વાંચન, માટે અંગૂલિ નિર્દેશ કરી, સારા પુસ્તકો ઘરમાં શક્ય તેટલાં ખરીદ કરી, વસાવી, ભેટ કરી, જયાં ઉપલબ્ધ હોય તે અંગેની માહિતી પૂરી પાડી આ રાજય વ્યાપી ઉમદાકાર્યને સહૃદયપૂર્વક સહકાર આપી સફળ બનાવીએ અને ગુણવંતી ગુજરાતને ગૌરવવંતી બનાવીએ.'

**"નોંધ : વાચકમિત્રો..."**

શક્ય હોય તો ઉત્તમ રચનાઓનો સાર-**"ગ્રંથોત્સવ"** પુસ્તક એક વખત અવશ્ય વાંચો, વંચાવો **અથવા** ઘરમાં બાળકો માટે અવશ્ય વસાવો.

**" જય જય ગરવી ગુજરાત"**

## વિષય :-

## ''સ્ત્રી ભ્રૂણ હત્યા-જાગૃતિ અભિયાન'' અને ''બેટી બચાવો આંદોલન''

હજારો દીકરીઓની જન્મવાની ઈચ્છા અને હજારો માતાઓની ઈચ્છા પરિપૂર્ણ થાય તે માટેની ભાવના દરેક કુટુંબમાં ઉદ્‌ભવે એવી પ્રાર્થના માટે દીકરી અને માતાની મનોવ્યથા ઠાલવતો પત્ર રજૂ કરે 'સ્ત્રી ભ્રૂણ હત્યા' અટકાવવીએ અને સમાજને બચાવીએ.

**એક અજન્મી દીકરીનો માતાને પત્ર :**

વ્હાલી મમ્મી,

તું હવે દવાખાનેથી ઘેર આવી ગઈ હોઈશ મને તારી તબિયતની ચિંતા હતી. હવે તારી તબિયત કેમ છે ? મમ્મી તારી કુખમાં મારો અંશ તો એટલે વાત્સલ્યથી ઉભરાતો 'મા' નો ચહેરો જોવો'તો તારા હાથમાં ફૂલ થઈને ખીલવું' તું. તારા ખોળામાં મારે રમવાની ઝંખના હતદી. તારાં હાલરડાં સાંભળીને મને ઊંઘવાની ઝંખના હતી.

મમ્મી કુદરતે મને તારો દીકરો બનાવ્યો હોત તો શું બગડી જાત ? તારે માત્ર સંતાનપ્રાપ્તિની ઝંખના નહોતી. તારે તો ભવિષ્યમાં ઘર સંપત્તિથી ભરી દેનાર દીકરાની જરૂર હતી. તારે પારકી થાપણ ઉછેરવી નો'તી. તારે તો ઘરનો વારસદાર ઉછેરવો' તો. અને ભવિષ્યમાં તારી સેવા કરી શકે એને દુઃખમાં આંસુ લૂછી શકે તેવા વહુ-દીકરાની જરૂર હતી. તારે કૂખમાં રહેલ બાળકીની કંઈ કિંમત નો'તી એટલે જ ડૉક્ટર પાસે થઈ મારાથી છૂટકારો મેળવી તેં હાશકારો અનુભવ્યો.

મમ્મી જ્યારે ડૉક્ટરની કાતર અને ચીપિયા તારા ફૂલને આક્રંદ પહોંચાડતું હતું. તેથી તારું આ ફુલ તરફડતું હતું. ડૉક્ટરની દવા મને તારા શરીરમાંથી એવી રીતે સરકાવતી હતી કે જાણે પાણીવાળા હાથમાંથી સાબુની ગોટી સરકે તેમ. ડૉક્ટરના ચીપિયા, એની તીક્ષ્ણ અણીએ જ્યારે મારા હૃદયને ફટ દઈને ફાડી નાખ્યુ ત્યારે ઈશ્વર મને બોલાવી લીધી.

મમ્મી તેં પણ દીકરી બનીને કોઈક માતાને કૂખેથી જ જન્મ લીધો છે ને ? મમ્મી, મને જન્મવા દીધી હોય તો હું જરાપણ પરેશાન ન કરત. હું ભઈલાના કપડાં પહેરત, ફક્ત ઝાંઝરી પહેરીને હું આંગણામાં કિલ્લો કરત. બીજું તો ઠીક તારા પેટમાં મારી કબર બનાવતાં જરાપણ દયા ન આવી ? ચિંતા ના કરતી....રક્ષાબંધને ભઈલાને મારો પ્રેમ આપવાનું ના ભૂલતી.

મમ્મી હું તારા જેવી, આ સિવાય દીકરા-દીકરીની સમાન ભાવના ધરાવતી મમ્મીની કૂખે જન્મ લેવાની ઉતાવળ છે એટલે નીકળું છું.

**લિ. તારી અજન્મી**
**લાડલી દીકરી**

**માતાનો દીકરીને પત્ર :-**

'' વ્હાલી દીકરી, આ છે, અભાગી ''મા'' ની વ્યથા ''.

તેં તો હૈયાની વરાળ ઠાલવી દીધી પણ હું તો એવી અભાગી મા છું કે જે હૈયાની વેદના નથી કહી શકતી કે નથી સહી શકતી. દીકરી ! તારી વાત સાવ સાચી છે; પરંતુ તેનું કારણ કે મેં જ મારી ફૂલ જેવી દીકરીને મોતને ઘાટ ઉતારી ફૂલની જેમ મસળી નાખી પણ તેમાં મારી એકલીનો વાંક નથી, જ્યારે સૌ પરિવારજનોને ખબર પડી કે મારા પેટમાં બાળક છે, ત્યારે તેઓએ બધાએ મને ડૉક્ટર પાસે ગર્ભપરિક્ષણ કરાવવા માટે કહ્યું હતું.

પરિવારજનોએ મને અસહ્ય ત્રાસ આપવા માંડયો. અને અભાગણી, છપ્પરપગી જેવાં મહેણાં-ટોણાં તો ઠીક, મને ખાવાં પણ દેતાં નહોતાં. એક જ વાત, ''ડૉક્ટર પાસે ચેક કરાવો.'' પછી એક દિવસ સૌ ભેગા થઈ બળજબરીપૂર્વક ડૉક્ટર પાસે લઈ ગયા અને ગર્ભપરિક્ષણ કરાવી, ગર્ભપાત કરાવવા દબાણ કરવા લાગ્યા ! અરે ! દીકરી તું જ કહે, જે લોકો, તને કૂખમાં જ મારવાની વાત કરતાં હોય તે તારા જન્મ પછી સુખેથી જીવવા દેત ! એટલે જ મેં હૃદય પર પથ્થર મૂકી મારા કાળજાના કટકાના કૂખમાં જ કટકા થવા દીધા. બની શકે તો મને માફ કરજે.

**લિ. તારી અભાગી ''મા''**

મિત્રો, આપણે ભવિષ્ય છીએ યુવાન દીકરા-દીકરીઓ આવતા સમયનું ભવિષ્ય કહેવાય છે. જો આપણે આપણાં માટે સારો, સુવ્યવસ્થિત, સુગ્રથિત તથા સમતુલિત સમાજ ઈચ્છીએ તો આ અભિયાન માટે આપણે જ પહેલ કરવી પડશે. આપણા સમાજમાં આ સ્ત્રી-પુરુષની અસમતુલા રહેશે તો એક દિવસ એવો આવશે કે, 'એક દ્રૌપદી અને પાંચ પાંડવો' જેવી સ્થિતિ સર્જાશે.

આ માટે ખાસ તો સ્ત્રીઓએ ઉપરાંત આખા સમાજને જાગૃત થવું જ રહ્યું.

**''बेटी बनकर आए हैं मा-बाप के जीवन में,**
**बसेरा होना कल किसी और के आँगन में**
**क्युं ये रीत भगवान ने बनाई होगी,**
**कहते है आज नहीं तो कल तु पराई होगी,**
**देकर जनम पाल-पोषकर जिसने हमें बडा किया**
**और वक्त आया तो उन्हीं हाथों से हमें विदा किया,**
**बेटियाँ इसे समझकर जीवन की अभिलाषा,**
**बना देती है एक अटूट बन्दन की परिभाषा**
**क्युं रिश्ता हमारा इतना अजीब होता है,**
**क्या बस यही हम बेटियों का नसीब होता है ? ''**

સુથાર શ્રદ્ધા હસમુખભાઈ-ટી.વાય.બી.એ., ગુજરાતી

## ' મારી કૉલેજ '

મારી કૉલેજ મારે માટે ખૂબ જ સુંદર છે. બીજી કૉલેજ કરતાં ઘણી બધી અલગ છે. મને યાદ છે કે કૉલેજના પહેલા વર્ષમાં એડમિશન લેવા હું ગઈ હતી. ત્યારે કૉલેજની બહારનું વાતાવરણ જોઈને આ કૉલેજ સારી નથી તેમ માની લીધું હતું. અને એડમિશન લીધુ ન હતું.

પછી ઘરે એક વર્ષ કશું પણ કર્યા વિના બેસી રહી. પછી મેં બીજા વર્ષે તે જ કૉલેજમાં એડમિશન લીધું. કૉલેજના પહેલા વર્ષમાં અને તે પણ પહેલા દિવસે જ્યારે હું કૉલેજમાં આવી ત્યારે એક જાતનો મારામાં ડર હતો. કે આ કૉલેજ કેવી હશે. અહીંના અધ્યાપકો, પ્રિન્સીપાલ અને અને અહીંનુ વાતાવરણ કેવું હશે.

પરંતુ, જ્યારે હું કલામાં ગઈ અને ત્યાનુ વાતાવરણ જોઈને મને નવાઈ લાગી મને મારી સ્કૂલ યાદ આવી ગઈ. અહીંના અધ્યાપકોએ આવી ક્રમશઃ આવીને જ્યારે તેમને ઓળખા આપતા ત્યાં. ત્યારે એકદમ નિખાલસતાથી વાત કરતા હતા. આ જોઈને મારો ડર ચાલ્યોગયો. અમારા પ્રિન્સીપાલ આવ્યા, વિમલ જોપી સર ત્યારે મને એમ કે તે ખૂબ મિત્ર તરીકે વર્તાવ કરે છે. તેમનો સ્વભાવ રમૂજી છે. તેઓ નિયમો વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને ઘડે છે. તેમના પાસે ઘણું બધું જ્ઞાન છે. જે અમારા જેવા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની શકે તેવું છે.

મારો મુખ્ય વિષય અર્થશાસ્ત્ર છે. એટલે મને મારા ગુરુજી પ્રત્યે વધુ આદરભાવ છે. પ્રો. પી.એસ.પટેલ સર મારા માટે નહીં. પરંતુ, સમગ્ર અર્થશાસ્ત્ર વિભાગના ''દાદા'' છે. તે યોગ્ય છે. તેમની પાસે વધુ અનુભવની સાથે-સાથે બહારનુ જ્ઞાન વધુ છે. પહેલી વખત હું જ્યારે સેમિનારમાં બોલવા ઊભી થઈ હતી ત્યારે હું ધ્રૂજતી હતી. સમયે તેમણે મારો આત્મવિશ્વાસ વધાર્યો હતો. જેના પરિણામે આજે હું સારું બોલી શકું છું હવે મને સ્ટેજ પર ઊભા રહેતા બીક નથી લાગતી. આ ઉપરાંત તેમણે મને ''ઉત્થાન'' માં લખવાનું કહ્યુ હતું. અને તેના કારણે આજે હું થોડું ઘણું સારું લખી શકું છું. અમારા રજનીસર બહારથી કડક સ્વભાવના દેખાય છે. પણ તેમનો સ્વભાવ પણ રમૂજી છે. હું તેમના હાથ નીચે ભણું છું તે મારી માટે એક ગર્વની વાત છે. સુધા મેડમ પણ સરળ રીતે ભણાવે છે.

મારા સૌથી વ્હાલા મેડમ પ્રીતિબેન છે. જે એક માઁ જેમ પોતના છોકરાને હંમેશા સાચો માર્ગ બતાવે છે તેમ તેઓ અમારું માર્ગદર્શન કરે છે. તેમનો લેકચર એટલે 'જ્ઞાન સાથે ગમ્મત' એટલે ભણાવવાની સાથે મફતમાં રોજ હસવાનું મળે છે. પંકજ સર, શેખસર પણ સારું ભણાવે છે.

અપૂર્વસર પણ ઘણું જ સરળ રીતે અંગ્રેજી શીખવાડે છે. આમ, મને અંગ્રેજી આવડતું નથી એમ

નથી પણ મને તેમાં રસ નથી. પણ કદાચ અપૂર્વસર ને કારણે જ એફ.વાય.બી.એ. માં થોડા ઘણા સારા માર્કસ લાવી શકી છે. તે અપૂર્વસરને કારણે જ મને હવે થોડો ઘણો રસ અંગ્રેજી વિષયમાં પડ્યો છે અત્યારે હાલમાં અવકાશાર ઘણું જ સારું ભણાવે છે.

મને મારી કોલેજમાં નીચેના વિભાગમાંથી (ઓફીસમાં)દિલીપ સર વધુ પ્રિયે છે. કોઈપણ ફોર્મમાં ભરવાની વિગત હોય અને જો સમજણ ન પડે તો તે તરતજ સમજણ પાડે છે. તે જયારે સામે જુએ અને તરત જ હસીને ''બોલે ''બોલ બેટા'' આ બે શબ્દો જ તેમની વિદ્યાર્થી પ્રત્યે કેટલી લાગણી છે. તે વ્યક્ત કરે છે. બધા જ કરતા સૌથી અગત્યની ફરજ બજાવે છે. તેવા અમારી લાયબ્રેરીના સુમનસર જે હંમેશા વિદ્યાર્થીઓને પુસ્તકોનો વધુમાં વધુ ઉપયોગ કરવાની સલાહ આપે છે. પરંતુ, વિદ્યાર્થીઓ તેનો ઓછો ઉપયોગ કરે છે. તેમાં હું પણ ખરી, એફ.વાય.બી.એ.માં મેં એટલો ઉપયોગ કર્યો નથી. પરંતુ અમારી પી.એસ.પટેલ સરની વાતને ધ્યાનમાં રાખી એસ.વાય.બી.એ.માં હું પુસ્તકોનો ઉપયોગ હવે કરું છું. કંઈ નહી તો દરરોજ આંટો મારીને એકાદ પુસ્તક પર નજર નાખીને જરૂર આવું છું. મારી, કોલેજના મંડોરા સરનો પણ સ્વભાવ ખૂબ જ મજાકિયો છે. તેઓ પણ જેને કોલેજના અધ્યાપક, શિક્ષકો કે બીજા વ્યવસાય માટે વિદ્યાર્થીઓ તૈયાર કરે છે. તેવી જ રીતે મંડોરા સર સ્પોર્ટસમાં વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડવાનું કાર્ય પણ કરે છે.

કોલેજનું મેદાન ઘણું જ વિશાળ છે. જયારે સવાર એકબાજુ સ્પોર્ટસની પ્રવૃત્તિ અને બીજા બાજુ એન.સી.સી. પ્રવૃત્તિ ચાલે છે. મેદાનમાં એકઝામમાં ખરેખર મડા પડે કારણ કે ચારેબાજુ, પુસ્તકો લઈને વાંચતા વિદ્યાર્થીઓ જોવા મળે છે અને ચારેબાજુ શાંત વાતાવરણ જોવા મળ છે.

કોલેજમાં ઘણી બધી એક જ વર્ષમાં મેં મઝા કરી છે. કોલેજમાં સ્વતંત્ર વાતાવરણ હોય છે. અને હંમેશા અમારી ભૂલને સુધારાનારા અધ્યાપકો હોય છે. અને અમારા પટાવાળાભાઈઓ દરેક કાર્યક્રમોમાં સાથ-સહકાર આપે છે. મારી કોલેજમાં ખૂબ જ સરસ વિદ્યાર્થીઓ પણ છે. આ કોલેજમાંથી ઘણા બધા સરસ મિત્રો મને મળ્યા છે. અમારાથી સિનિયર વિદ્યાર્થીઓમાં મોટાપણું જોવા મળતું નથી. મતલબ કે અમે સિનિયર છે એવું અભિમાન હોતું નથી. તેઓ અમને ભણાવવા સિવાયના પણ પ્રશ્ન હોય તો તેનું નિવારણ કરે છે.

ખરેખર, આ કોલેજમાં ફક્ત વિદ્યાર્થીઓને ભણાવવાનો હેતુ નથી. પરંતુ દરેક વિદ્યાર્થીઓમાં રહેલી કળાને વિકસાવવાનું કામ પણ કરે છે. અધ્યાપકો, હંમેશા વિદ્યાર્થીઓ માટે તત્પર રહે છે. ખરેખર જયારે આ કોલેજના ત્રણ વર્ષ પછી જયારે હું કોલેજ છોડીને જઈશ ત્યારે મારી સાથે ઘણી જ સુંદર યાદો લઈને જઈશ. આ કોલેજમાં હું અભ્યાસ કરું છું. જે મારા માટે ખૂબ જ ગર્વની વાત ચે અમારી કોલેજમાં ઘણી બધી સ્પર્ધાઓ યોજાય છે જેમ કે મહેંદી, ગરબા, નિબંધ, ચિત્ર, વકતૃત્વ સ્પર્ધા થાય છે. જેમાં વિદ્યાર્થીઓ રસપૂર્વક ભાગ લે છે. આ કોલેજ બધી કોલેજો કરતા જુદી છે. જેમ બીજા કોલેજમાં ફરવાનું વધાર જોવા મળે છે પરંતુ અમારી કોલેજમાં ભણાવવાની સાથે ઘણી બધી પ્રવૃત્તિઓ પણ ચાલે છે.

**સોલંકી ઈન્દિરા એન. રોલ નં.૧૨૫,**
**અર્થશાસ્ત્ર,એસ.વાય.બી.એ.**

## પ્રાર્થના

પ્રાર્થનાએ આત્માને પરમાત્મા સાથે જોડનાર સેતુ છે. પ્રાર્થના એ આત્માની ઝંખના છે. શ્રધ્ધા અને ભક્તિપૂર્વક કરેલી પ્રાર્થના કદીય નિષ્ફળ જતી નથી. પ્રાર્થના ધર્મનો સ્તંભ અને સ્વર્ગની ચાવી છે. પ્રાર્થના એટલે આત્માના અવાજને પરમાત્મા સુધી લઈ જનાર. પ્રાર્થનાથી સ્વભાવમાં પરિવર્તન અને હતાશા, નિરાશા નીકળી જાય છે. પ્રાર્થનાથી મનને શાંતિ તાજગી અને દિલમાં ઉમંગ પ્રેરણા મળે છે.

'' સત્ય , ક્ષમા, સંતોષ, જ્ઞાન, ધીરજ, શુધ્ધ મન અને મધુર વચન એ પ્રાર્થના છે. ''

## '' ભૂખમરો ''

ભારતમાં કરોડો લોકો ભૂખે મરી જાય છે. એક આ દેશમાં જ ભ્રષ્ટાચાર વધુ પ્રમાણમાં જોવા મળે છે. સરકાર ગરીબોને રેશનિંગની સિસ્ટમ દ્વારા સસ્તા દરે અનાજ આપવા માટે આ સીસ્ટર દાખલ કરી છે. પરંતુ, સાર્વજનિક પ્રણાલિ હેઠળ સસ્તા અનાજની દુકાન ધરાવનારને એટલું ઓછું કમિશન આપવામાં આવે છે કે તેનાથી દુકાનનું ભાડું પણ નીકળે નહીં. તેમ છતાં રેશનની દુકાનનું લાઇસન્સ આપવાનું હોય ત્યારે સો અરજીઓ આવી પડે છે. દુકાનકારો રેશનિંગ ખાતાના ઓફિસરોને લાંચ આપવા પણ તૈયાર થઈ જાય છે. આખા ભારતમાં રેશનિંગ આવી ૫.૩ લાખ દુકાનો છે. આ દુકાનોનો મુખ્ય ધંધો સરકાર પાસેથી સસ્તા ભાવનું અનાજ ખરીદીને તેના કાળા બજાર કરવાનું છે. આ કૌભાંડમાં સરકારી અધિકારીઓ અને પ્રધાનો પણ ભળેલા હોય છે.

થોડા દિવસો પહેલા ટીવી ચેનલ પર બતાવવામાં આવ્યું હતું કે, ઉત્તરપ્રદેશના ઈટાવાહ રેલવે સ્ટેશન નજકી ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગોડાઉનમાં રહેલું અનાજ સડી રહ્યું છે. અને તેને પશુઓ ખાઈ રહ્યા છે. આ સમાચાર સાંભળતા જ ઉચ્ચ અધિકારીઓને સસ્પેન્ડ કરી નાખ્યા હતા. ત્યારબાદ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓએ તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે હાપુના ગોડાઉનમાં ૩૦ ટન, ઓરઈમાં ૧૫ ટન અને હરદુઆગંજમાં ૩૦૦ ટન મળીને કુલ ૬૦ લાખ રૂપિયાનું અનાજ સડી ગયું હતું. એકલા ઉત્તર ભારતમાં જ અત્યારે ૬૫ લાખ ટન અનાજ વિવિધ ગોડાઉનમાં સડી રહ્યું છે. એક અંદાજ મુજબ ભારતમાં જેટલા અનાજનું ઉત્પાદન થાય છે. તેનું ૧૦% સરકારી ગોદામોમાં સડી જાય છે અથવા તેને ઉંદરડા ખાઈ જાય છે.

દર વર્ષે ભૂખમરાને કારણે ૧૦ લાખ બાળકોના મોત થાય છે પર ૧૦ પૈકી એક બાળક ભૂખમરાને કારણે પાંચ વર્ષની ઉંમર પહેલા જ મરણ પામે છે. લુધિયાણાના ગોદામમાં ખુલ્લામાં પડેલા ૨૦,૦૦૦ ટન જેટલા ઘઉં સરકારી તંત્રની બેદારકારીને કારણે સડી ગયા હતા. ઉત્તરપ્રદેશના રેશન કાર્ડધારકોને અનાજ આપવાની સડી ગયા હતા. ઉત્તરપ્રદેશના રેશન કાર્ડધારકોને અનાજ આપવાની મનાઈ કરવામાં આવી છે. તેની મજૂરી પણ ફૂડ કોર્પોરેશન આપે છે. આરટીઆઈના આંકડાઓ મુજબ દર વર્ષે ૬ લાખ ટન અનાજ સડી જાય છે. આ જથ્થો નાનો લગાતો હશે પણ આ અનાજમાંથી દેશના ૧૦ લાખ નાગરિકોની ભૂખ એક વર્ષ ભાંગી શકાય તેમ છે. કેન્દ્ર સરકારની નીતિ જ એવી છે કે, ''પ્રજા ભૂખે મરે અને અનાજ સડી જાય'' જેના કારણ અનાજનો ભાવો ઊંચા જાય છે જે ગરીબોની પહોંચની બહાર છે.

પ્રજાને સસ્તા ભાવે આપવાને બદલે બફર સ્ટોક ઊભો કરે છે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગોડાઉનમાં અત્યારે ૬ કરોડ ટન ઘઉં અને ચોખાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. જો આ અનાજ ગરીબોને આપવામાં આવે તો કેટલું સારું !

ગરીબો સરકારી અનાજ સસ્તા ભાવે મળી શકે તેનો શ્રેષ્ઠ ઉપાય ફૂર ફોર વર્કનો છે. નેશનલ રુરલ એમ્પોલયમેન્ટ ગેરન્ટી સ્કીમ હેઠળ દેશના કરોડો નાગરિકો સરકાર તરફથી વર્ષે ઓછામાં ઓછા ૧૦૦ દિવસની રોજી આપવામાં આવે છે. જો પૈસાને બદલે અનાજ આપવામાં આવે તો ગરીબોના પેટમાં લાખો ટન અનાજ પહોંચશે તે નક્કી છે. પૈસા પણ જરૂરી છે. પરંતુ જીવવા માટે અનાજ વધુ જરૂરી છે. તો આ ભૂખમરાની સમસ્યા હલ થઈ શકે છે. ચૌધરી ચરણસિંહ જયારે ભારતના નાણાંપ્રધાન હતા ત્યારે તેમણે આ યોજનાને સફળતાથી અમલ કર્યો હતો. આ યોજનામાં એક જ સમસ્યા છે : તેમાં સરકારી અધિકારીઓને અથવા પ્રધાનોને ભ્રષ્ટાચાર કરવાની તદ મળતી નથી. અને આ જ કારણે આ સ્કીમનો અમલ થતો નથી.

❊ માનવી જયારે માનવ મટી દાનવ બને છે. ત્યારે તે ધર્મના બદલે ધનનું, સત્યને બદલે સંપત્તિનું, વૈરાગને બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન તથા સ્વાગત કરે છે.

# જિંદગી

માલિકની ઈચ્છા હોય કે ના હોય,
રોજ રોજ વિતે તેનું નામ જિંદગી.
ખરેખર તો વિતાવનારને જે નિજ
વિતાડનારનું નામ જ જિંદગી....
નસીબનું નામ દઈ, લાચાર કરી, તમને
હંમેશાં વિવશ-પરવશ કરે તેનું નામ જિંદગી....
ગમે તેટલા સાચા દિલથી કરો પણ,
બંદગીને બિન અસરકારક કરે તે જિંદગી....
'શરદ' ને વસંતમાં ફેરવનાર, દોસ્તીમાં,
શૂળને સદાય ફૂલ બનાવે તે જિંદગી....
વરદિગાર પાસેથી અનિરછાએ, અકસ્માતે,
ર લઈ, અન્છિાએ પાછી આપવી તે જિંદગી....
જીવતર દ્વારા હવે પછીનાં જીવતરને
સારું બનાવવાની તકનું નામ તે જિંદગી....
લિક સબક એક હે મગર, અલગ અલગ જિંદગી...

Contect : pareshsai@yahoo.co.in.

# MY INDIA

**Punjab** for fighting;
**Tamil Nadu** for duty;
**Rajasthan** for history;
**Mysore** for silk;
**Gujarat** calls for peace;
**Kerala** for brain;
**Himachal** for Apples;
**Madhya Preadesh** for tribals;
**Bengal** for writing
**Kashmir** for beauty
**Maharshtra** for victory
**Haryana** for milk
**Assam's** pride for tea leaves,
**Uttar Pradesh** for sugarcane
**Orisssa** for temples
**Bihar** for minerals
**I Love my India**

**Patel Sonam.R.,S.Y.B.A.,R.No.125, Economics**

# જો હું થાઉં તો ?

| | |
|---|---|
| જો હું પુત્ર થાઉં તો ? | - શ્રવણ જેવો |
| જો હું ભાઈ થાઉં તો ? | - લક્ષ્મણ જેવો |
| જો હું મિત્ર થાઉં તો ? | - સુદામાં જેવો |
| જો હું દાનવીર થાઉં તો ? | - કર્ણ જેવો |
| જો હું ભક્ત થાઉં તો ? | - નરસિંહ મહેતા જેવો |
| જો હું નેતા થાઉં તો ? | - જવાહર નહેરુ જેવો |
| જો હું બાપુ થાઉં તો ? | - ગાંધીજી જેવો |
| જો હું સાચું બોલું તો ? | - હરિશચંદ્ર જેવો |

**મનસુરી નિલોફર એમ. -એમ.એ.પાર્ટ-૧(૨૬)**

# સ્વતંત્ર ભારતના નાણાંપ્રધાન

| | | |
|---|---|---|
| ૧) | ૧૯૪૭-૪૯ : | આર.કે.પણમુખમય |
| ૨) | ૧૯૫૦-૫૧ : | જહોન મથાઈ |
| ૩) | ૧૯૫૨-૫૭ : | સી.ડી.દેશમુખ |
| ૪) | ૧૯૫૭-૫૮ : | ટી.ટી. કૃષ્ણામચારી |
| ૫) | ૧૯૬૦-૬૪ : | મોરારજી દેસાઈ |
| ૬) | ૧૯૬૫-૬૬ : | સચિન ચૌધરી |
| ૭) | ૧૯૬૭-૭૦ : | મોરારજી દેસાઈ |
| ૮) | ૧૯૭૦-૭૧ : | ઇન્દિરા ગાંધી |
| ૯) | ૧૯૭૧-૭૬ : | વાય.બી.ચૌધરી |
| ૧૦) | ૧૯૭૬-૭૭ : | સી.સુબ્રમણયમ |
| ૧૧) | ૧૯૭૮-૭૯ : | એચ.એમ.પટેલ |
| ૧૨) | ૧૯૮૦-૮૨ : | આર.વેંકટરામન |
| ૧૩) | ૧૯૮૨-૮૫ : | પ્રણવ મુર્ખજી |
| ૧૪) | ૧૯૮૫-૮૭ : | વી.પી.સિંહ |
| ૧૫) | ૧૯૮૮-૮૯ : | નારાયણદત્ત તિવારી |
| ૧૬) | ૧૯૮૯-૯૦ : | એસ.બી.ચૌહાણ |
| ૧૭) | ૧૯૯૦-૯૧ : | મધુદંડવતે |
| ૧૮) | ૧૯૯૧-૯૬ : | મનમોહનસિંહ |
| ૧૯) | ૧૯૯૬-૯૮ : | પી.ચિદમ્બરમ |
| ૨૦) | ૧૯૯૮-૨૦૦૨ : | યશવંતસિંહા |
| ૨૧) | ૨૦૦૨-૨૦૦૪ : | જસવંતસિંહા |
| ૨૨) | ૨૦૦૪-૨૦૦૮ : | પી.ચિદમ્બરમ |
| ૨૩) | ૨૦૦૯ થી | : પ્રણવ મુર્ખજી |

**Patel Sonam.R.,S.Y.B.A.,R.No.125, Economics**

# જોખી જોખીને બોલો..

કહો એવું જે સત્ય હો,
કરો એવું જે સારું હોય,
બોલો એવું જે મધુર હોય.
સાંભળો એવું જે ગીતા હોય,
જુઓ એવું જે સત્યમ્, શિવમ્, સુંદરમ્ હોય
દેખાડો એવું જે દિવ્ય અને ભવ્ય હોય,
ખાઓ એવું જે પ્રભુનો પ્રસાદ હોય,
પીઓ એવું જે અમૃત સમાન હોય,
ચાલ એવીચાલો જેમાં સચ્ચરિત્ર હોય,
કાર્ય એવું કરો જે પવિત્ર હોય,
થોડું વાંચો, ચિંતન વધુ કરો
થોડું બોલો, સાંભળો વધુ
કમ બોલો પણ કામનું બોલો
જે જોખી જોખીને બોલે છે
તેનો બોલ-વચન દુનિયા હંમેશા યાદ રાખે છે.

**મનસુરી નિલોફર એમ. -એમ.એ.પાર્ટ-૧(૨૬)**

# દેખાતુ નથી

ઈચ્છાને અપમાન દેખાતુ નથી
ગર્વને જ્ઞાન દેખાતુ નથી
પ્રેમને પરિણામ દેખાતું નથી
વ્યસનીને મોત દેખાતુ નથી
જુઠ્ઠાને શરમ દેખાતી નથી
મનુષ્યને શાંતિ દેખાતી નથી
ક્રોધને દયા દેખાતી નથી
આશાને નિરાશા દેખાતી નથી
ભૂલને કબુલાત દેખાતી નથી
ઈર્ષાને ઈન્સાફ દેખાતો નથી
ધનને મુશ્કેલી દેખાતી નથી
વ્હેમને વિશ્વાસ કે ધર્મ દેખાતો નથી.
શૂરવીરને શત્રુ દેખાતો નથી
આળસુને ઉદ્યોગ દેખાતો નથી
દુઃખીને આનંદ દેખાતો નથી
સ્વાર્થને પરમાર્થ દેખાતો નથી
લોભને સંતોષ દેખાતો નથી
મિત્રને સ્વાર્થ દેખ::તો નથી
નીચને પ્રભુ દેખાતો નથી
અત્યાચારને ઈન્સાફ દેખાતો નથી
વેરને વિનાશ દેખાતો નથી.
વિનાશને વિકાસ દેખાતો નથી.

**રાવલ મમતા એ. રોલ નં.૨૫, એસ.વાય.બી.એ.**

* માનવી પંખીની જેમ હવામાં ઊડતાં અને માછલીની જેમ પાણીમાં તરત શીખ્યો છે, હવે તેણે ''માણસ'' ની જેમ પૃથ્વી પર જીવતા શીખવાનું છે.
* મનુષ્ય સહેલાઈથી પોતાને ઈશ્વર માની લેતો નથી એનું મુખ્ય કારણ પેટ છે.

- ટી.વી. ઝેર છે એ જાણવા છતાં માણસ પીવે છે કારણ કે ઉપર ગળ્યું લાગે છે પણ જીવન બરબાદ કરી નાંખે છે. જોવા બેસે એટલે મર્યાદા ન રહે એટલે જ પહેલેથી જ ઘરમાં લાવવું નહિ.
- ટી.વી. જુએ એટલે સમય બગડે, વિદ્યાર્થી હોય તો અભ્યાસ બગડે, લાંબા ગાળે આંખો બગડે, મન બગડે બુદ્ધિ બગડે, ઘરના કામ ઠેલાય ને કજીયા-કંકાસનો પાર નહિ.
- ટી.વી. લાવો એટલે સમાચાર પુરતુ મર્યાદીત નહીં બધુ જોવાનું થાય ને મર્યાદાનો લોપ થાય, એટલે જ કહ્યું છે ટી.વી. સંસ્કારોનું પતન છે.

# ગુજરાતી-સંસ્કૃત શબ્દ

## ફળ માટેના શબ્દો

| | |
|---|---|
| દ્રાક્ષ | द्राक्षा |
| અંજીર | अंजीरम् |
| જાંબુ | जम्बूफलम् |
| અખરોટ | अक्षोटम् |
| તરબૂચ | कालिन्दम् |
| બોર | बदरीफलम् |
| મોસંબી | मातुलङ्गः |
| બદામ | वातादम् |
| નારિયેળ | नारिकेलम् |
| કાજુ | काजवम् |
| સીતાફળ | सीताफलम् |
| કેળા | कसेसः |

## પુષ્પો માટે શબ્દો

| | |
|---|---|
| કરેણ | कर्णिकारः |
| કેવડો | केतकी |
| ચમેલી | मालती |
| ચંપો | चम्पकः |
| જૂઈ | यूथिका |
| કમળરાતુ | कुवलयम् |
| કમળલાલ | कोकनदम् |
| કમળ સફેદ | कुमुदम् |
| ગુલાબ | स्थलपद्मम्, पाटलम् |
| રાતરાણી | रजनीगन्धा |

## પીવાના પદાર્થના શબ્દો

| | |
|---|---|
| ચા | चविपानम् |
| કોફી | कफघ्नी |
| છાશ | तक्रम् |
| દૂધ | क्षीरम्, पयः |
| ભાંગ | मातुलानी |
| લસ્સી | दाधिकम् |
| દહીં | दधि |

## શરીરના અવયવોના શબ્દો

| | |
|---|---|
| અંગૂઠો | अंगूष्ठः |
| આંખ | नयनम् |
| હોઠ ઉપરનો | ओष्ठः |
| હોઠ નીચેનો | अधरः |
| નાક | घ्राणम् |
| નખ | फरसह |
| નાડી | स्नायुः |
| લોહ | लाहुः |
| છાતી | वक्षः |
| જીભ | रचना |
| દાંત | दन्तः |
| દાઢી | कूर्चम् |
| નસ | शिरी |
| જાંઘ | उरु |
| અંડકોષ | वृषणः |
| સ્તન | कुच, स्तन |
| માથુ | ललाटम् |
| મૂંછ | श्मश्रु |
| હથેળી | करतल |
| હાથ | कर |
| ગાલ | कपोलः |

## વસ્ત્રોના નામના શબ્દો

| | |
|---|---|
| સાડી | शाटिका |
| ઓઢણી | निचोलः |
| ચાદર | प्रच्छदः |
| ધોતી | अधोवस्त्रम् |
| રૂમાલ | करवस्त्रम् |
| સ્વેટર | ऊर्णावरकम् |
| દુપટ્ટો | द्रावारकम् |
| ~~બ્લાઉઝ~~ | ~~कंचुकी~~ |
| પાયજામો | पादगाम |

## પરિવાર સંબંધી શબ્દો

| | |
|---|---|
| પિતા | जनकः |
| માત | जननी |
| પુત્ર | तनयः |
| પુત્રી | तनया |
| બહેન | स्वसा |
| મોટાભાઈ | अग्रजः |
| નાનાભાઈ | अनुजः |
| બનેવી | आवुत्तः |
| ભાણેજ | भागिनेयः |
| ભાભી | भ्रातृजाया |
| દિયર | देवरः |
| દેવરાણી | याता |
| નણંદ | ननान्दृ |
| નાના | मातामहः |
| નાની | मातामही |
| દાદા | पितामहः |
| દાદી | पितामही |
| કાકા | पितृव्यपत्नी |
| કાકી | पितृष्वसृपतिः |
| ફુઆ | पितृष्वसा |
| ફોઈ | मातुलानी |
| મામી | मातुलाह |
| મામા | मातुलेयः |
| મામાનો દિકરો | मातृष्वसृपतिः |
| માસા | मातृष्वसा |
| માસીનો દિકરો | मातृष्वसेयः |
| સસરા | श्वशुरः |
| સાસુ | श्वश्रूः |
| સાળો | श्यालः |
| સગોભાઈ | सदोदरः |
| પોતા | पौत्रः |
| ભત્રીજો | भ्रातृपुत्रः |
| ભત્રીજી | भ्रातृसुता |
| જમાઈ | जामातृ |

## આભૂષણ અને પ્રસાધનના નામો

| | |
|---|---|
| અંગૂઠી | अंगुलीयम् |
| કંકણ | कंकणम् |
| કંઠી | कण्ठाभरणम् |
| કંદોરો | मेरवला |
| કાનની વાળી | कुण्डलम् |
| નાકની વાળી | नासापुष्पम् |
| બિન્દી | बिन्दुः |
| બાજુબંધ | केयूरम् |
| સોનાની ચૂડી | वलयम् |
| સોનાનું કડું | कटकः |
| મોતીની માળા | मुक्तावली |
| ઘુંઘરૂ | किङ्कणी |
| ઝાંઝર | नूपुरः |
| કાપ | कर्णिका |
| માથાનું આભૂષણ | ललाटिका |
| હાર | एकावली |
| મંગલસૂત્ર | |
| સેંટ | गन्धतैलम् |
| કાજલ | अंजनम् |
| નખપોલિસ | नरवरंजनम् |
| અરિસો | दर्पणः |
| સાબુ | फेनिलम् |
| લિપસ્ટિક | ओष्ठरंजनम् |
| શ્રૃંગારપેટી | श्रृंगारपिटकम् |
| પાઉડર | चूर्णकः |

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા માર્ચ-એપ્રિલ-૨૦૧૦ માં લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે પાસ થનાર કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓના વર્ગવાર નામ

| S.NO. | EXAM NO. | CLASS | STUDENT NAME | SUBJECT | RESULT |
|---|---|---|---|---|---|
| 1 | 4367 | F.Y.B.SC. | GOHEL AKASH RAJENDRABHAI | P-C-M | FIRST CLASS |
| 2 | 4388 | F.Y.B.SC. | PATEL NIKUNJKUMAR SURESHBHAI | P-C-M | FIRST CLASS |
| 3 | 4393 | F.Y.B.SC. | PATEL TEJASHKUMAR SURYAKANT | P-C-M | FIRST CLASS |
| 4 | 4398 | F.Y.B.SC. | TALPADA GITABEN KANUBHAI | P-C-M | FIRST CLASS |
| 5 | 4410 | F.Y.B.SC. | AMIN DIXITABEN VIJAYBHAI | P-C-M-BI. | FIRST CLASS |
| 6 | 4413 | F.Y.B.SC. | MAHALE GAURAV SURESHBHAI | P-C-M.BI. | FIRST CLASS |
| 7 | 4420 | F.Y.B.SC. | PAREKH KINJALBEN MANUBHAI | P-C-M-BI. | FIRST CLASS |
| 8 | 4425 | F.Y.B.SC. | PATEL AMITKUMAR RAMESHBHAI | P-C-M-BI. | FIRST CLASS |
| 9 | 4450 | F.Y.B.SC. | RATHOD SWATIBEN ANILKUMAR | P-C-M-BI. | FIRST CLASS |
| 10 | 4470 | F.Y.B.SC. | JADAV HINABEN RAMESHBHAI | P-C-M-BI.CO. | FIRST CLASS |
| 11 | 4474 | F.Y.B.SC. | RAJ MILAN RAMESHCHNDRA | P-C-M-BI.CO. | FIRST CLASS |
| 12 | 4475 | F.Y.B.SC. | RAMI HETALBEN HARISHKUMAR | P-C-M-BI.CO. | FIRST CLASS |
| 13 | 4476 | F.Y.B.SC. | SUTHAR DHARTIBEN RAJUBHAI | P-C-M-BI.CO. | FIRST CLASS |

| S.NO. | EXAM NO. | CLASS | STUDENT NAME | SUBJECT | RESULT |
|---|---|---|---|---|---|
| 1 | 3653 | S.Y.B.SC. | TAILOR HARDIKUMAR MANUBHAI | P-C | FIRST CLASS |
| 2 | 3654 | S.Y.B.SC. | THAKOR MUKESHKUMAR RAMESHBHAI | P-C | FIRST CLASS |
| 3 | 3657 | S.Y.B.SC. | PRAJAPATI SEFALIBEN ASHIVIKUMAR | P-M-CO | FIRST CLASS |
| 4 | 3661 | S.Y.B.SC. | PARMAR KALPESHKUMAR PRAMODCHANDRA | C-P | FIRST CLASS |
| 5 | 3666 | S.Y.B.SC. | RANA RAVIKUMAR RASIKBHAI | C-P | FIRST CLASS |
| 6 | 3367 | S.Y.B.SC. | TALPADA SHAILESHBHAI MOHANBHAI | C-P | FIRST CLASS |
| 7 | 3670 | S.Y.B.SC. | KHARADI CHADRAKANT VISHRAMBHAI | C.BI.BO | FIRST CLASS |
| 8 | 3671 | S.Y.B.SC. | PARMAR VIJAYKUMAR CHHARGANBHAI | C.BI.BO | FIRST CLASS |
| 9 | 3674 | S.Y.B.SC. | PATEL SONALBEN BHUPENDRABHAI | C.BI.BO | FIRST CLASS |
| 10 | 3675 | S.Y.B.SC. | RATHOD DIPIKABEN ISHWARBHAI | C.BI.BO | FIRST CLASS |
| 11 | 3677 | S.Y.B.SC. | SOLANKI HETALBEN LAXMANBHAI | C.BI.BO | FIRST CLASS |
| 12 | 3677 | S.Y.B.SC. | PADHIYAR JALAMSHINH UDESINH | C.BO.CO | FIRST CLASS |
| 13 | 3678 | S.Y.B.SC. | PATEL JIGISHABEN RAJENDRABHAI | C.BO.CO | FIRST CLASS |
| 14 | 3679 | S.Y.B.SC. | PAREKH VAIDEHIBEN MAHESHBHAI | MI.BO. | FIRST CLASS |
| 15 | 3680 | S.Y.B.SC. | PATEL BHUMIKABEN VISHNUBHAI | MI.BO. | FIRST CLASS |
| 16 | 3683 | S.Y.B.SC. | PATEL MEGHABEN KANTIBHAI | MI.BO. | FIRST CLASS |
| 17 | 3684 | S.Y.B.SC. | ROY HONEY KIRITKUAMR | MI.BO. | FIRST CLASS |
| 18 | 3685 | S.Y.B.SC. | MAKWANA PRATIKSHABEN VINODBHAI | MI.BO.C0 | FIRST CLASS |
| 19 | 3686 | S.Y.B.SC. | RABARI KEGHABEN RATILAL | MI.BO.C0 | FIRST CLASS |
| 20 | 3687 | S.Y.B.SC. | UPADHYAY HASYA KAUSHIKUMAR | MI.BO.C0 | FIRST CLASS |
| 21 | 3690 | S.Y.B.SC. | PARMAR UNNATIKUMARI CHATURBHAI | M-PH | FIRST CLASS |
| 22 | 3692 | S.Y.B.SC. | RAMI PINALBEN NAVINCHANDRA | M.PH.CO. | FIRST CLASS |

| S.NO. | EXAM NO. | CLASS | STUDENT NAME | SUBJECT | RESULT |
|---|---|---|---|---|---|
| 1 | 3151 | T.Y.B.SC. | BHOI JIGNESH ISHWARBHAI | PHY | FIRST CLASS |
| 2 | 3152 | T.Y.B.SC. | JOSHI HARDIKUMAR JAYANTIBHAI | PHY | FIRST CLASS |
| 3 | 3157 | T.Y.B.SC. | PATELHARDIKUMAR VINODBHAI | CHE | FIRST CLASS |
| 4 | 3163 | T.Y.B.SC. | PATEL NIMITABEN SURYAKANT | CHE | FIRST CLASS |
| 5 | 3165 | T.Y.B.SC. | PATEL RAVIKUMAR BHUPENDRABHAI | CHE | FIRST CLASS |
| 6 | 3169 | T.Y.B.SC. | PATEL VIRENDRAKUAMR DINESHBHAI | CHE | FIRST CLASS |
| 7 | 3174 | T.Y.B.SC. | VAHORA RAFIKBHAI SAFIMAHMAD | CHE | FIRST CLASS |

| S.NO. | EXAM NO. | CLASS | STUDENT NAME | SUBJECT | RESULT |
|---|---|---|---|---|---|
| 1 | 20504 | F.Y.B.A. | DAVE SHRADDHABEN RAJENDRABHAI | SA/ECO/PSY | FIRST CLASS |
| 2 | 20514 | F.Y.B.A. | PATEL SONAMBEN RASIKLAL | SA/ECO/SOC | FIRST CLASS |
| 3 | 20517 | F.Y.B.A. | SOLAKI INDIRABEN NATUBHAI | SA/ECO/SOC | FIRST CLASS |

| S.NO. | EXAM NO. | CLASS | STUDENT NAME | SUBJECT | RESULT |
|---|---|---|---|---|---|
| 1 | 4384 | S.Y.B.A. | PATEL ANKITABEN RAMANBHAI | GUJ/PSY/SAN | FIRST CLASS |
| 2 | 4388 | S.Y.B.A. | PRAJAPATI KINNARIBEN PARBHUBHAI | GUJ/PSY/SAN | FIRST CLASS |
| 3 | 4391 | S.Y.B.A. | THARWALA TRUPTIBEN JATINKUMAR | GUJ/PSY/SAN | FIRST CLASS |
| 4 | 4401 | S.Y.B.A. | SUTHAR SHRADDHABAHEN HASMUKHBHAI | GUJ/SOC/COI | FIRST CLASS |
| 5 | 4420 | S.Y.B.A. | SONI DHAVAL HARSHADBHAI | ECO/SOC/COI | FIRST CLASS |
| 6 | 13926 | S.Y.B.A. | PANCHAL URAVSHIBEN KIRANBHAI | GUJ/SOC/COI | FIRST CLASS |

| S.NO. | EXAM NO. | CLASS | STUDENT NAME | SUBJECT | RESULT |
|---|---|---|---|---|---|
| 1 | 10834 | T.Y.B.A. | PRAJAPATI TEJALBAHEN RAMESHBHAI | SOC | FIRST CLASS |
| 2 | 23433 | M.A. Part-II | DABHI CHRAGKUMAR PUNJBHAI | GUJ | FIRST CLASS |

## આ માણસ જાણે મોબાઈલ થઈ ગયો.....



જરૂર જેટલી લાગણીઓ
રિચાર્જ કરતો થઈ ગયો,
ખરે ટાણે જ ઝીરો બેલેન્સ
દેખાડતો એ થઈ ગયો
આ માણસ જાણે મોબાઈલ થઈ ગયો !



સામે કોણ છે એ જોઈને
સંબંધ રિસીવ કરતો થઈ ગયો.
સ્વાર્થના ચશ્મા પહેરી મિત્રતાને પણ,
સ્વીચ ઓફ કરતો એ થઈ ગયો
આ માણસ જાણે મોબાઈલ થઈ ગયો !
હોય બરોડામાં અને છું સુરતમાં,
એમ કહેતો એ થઈ ગયો.
આજે હચ તો કાલે રિલાયન્સ
એમ ફાયદો જોઈ મિત્રો પણ બદલતો એ થઈ ગયો
આ માણસ જાણે મોબાઈલ થઈ ગયો !
ઈનકમીંગ - આઉટગોઈંગ ફીના ચક્કરમાં,
કુટુંબના જ કવરેજ બહાર એ થઈ ગયો
હવે શું થાય બોલો
મોડેલ ફોર ટુ ઝીરો (૪૨૦) એ થઈ ગયો.
આ માણસ જાણે મોબાઈલ થઈ ગયો !

## S.Y.B.A.

There are nemerour strings in your Lute,
Let me add my Own among them.
Then When you smite your chords,
My heart will break its silence,
And my heart will be one with your song.
Amidst your numberless stars,
Let me Place my own Little Lamp,
In the dance of your festival of lights,
My heart will throb,
And my Life will be one with your smile.
- Rabindranth Tagore

**Solanki Indira N. R.No.125, S.Y.B.A. Economics**



**એન.સી.સી. નિવૃત્ત પ્રા. વી.સી. ઉપાધ્યાય સાહેબના હસ્તે ધ્વજવંદન તા. ૧૫ ઓગસ્ટ ૨૦૧૦**

## સંસ્થા સમાચાર :-

૧) પેટલાદ કોલેજના પ્રાધ્યાપિકા પ્રીતિબેન દવેની ''અનન્યા'' નવલકથાનું વડોદરા ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અશોકભાઈ ભટ્ટના હસ્તે વિમોચન કરાયું.

૨) પાસદ ખાતે આવેલ એસ.વી.આઈ.ટી.કોલેજ મુકામે સંપન્ન થયેલ ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ ઝોન આંતર કોલેજ બોકસીંગ ભાઈઓ સ્પર્ધામાં પેટલાદ કોલેજની ટીમ બોકસીંગ ચેમ્પિયન બની.

૩) પેટલાદ કોલેજ તેમજ અનુનજય ટ્રસ્ટના ઉપક્રમે શ્રીમતી રેણુકાબેન જયેશભાઈ દેસાઈ સ્મૃતિ વ્યાખ્યાન અંતર્ગત કોલેજના અર્થશાસ્ત્ર વિભાગમાં કચ્છ યુનિવર્સિટી, ભૂજ-કચ્છના અર્થશાસ્ત્ર વિષયના પ્રા. ડૉ. તુષારભાઈ હાથી. સ્વર્ણિમ ગુજરાત અને આર્થિક વિકાસની ઝલક વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

૪) પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આર.કે.પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ તથા શ્રીમતી એસ.આઈ.પટેલ કોલેજ ઓફ કોમર્સના યજમાન પદે સ્વર્ણિમ ગુજરાત સ્પર્ધાઓનું આયોજન થયું; જેમાં જિલ્લાની ૧૧ જેટલી કોલેજનાં સ્પર્ધકોએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

૫) કોલેજમાં ''Prologue and Relevance of'' વિષય ઉપર એક દિવસીય રાજ્યકક્ષાના વર્કશોપનું આયોજન કોલેજના કોમ્પ્યુટર વિભાગે અને કેરીયર ઓરીએન્ટેડ પ્રોગ્રામના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યું હતું; જેનું ઉદ્ઘાટન પેટલાદની ખૂબ જાણીતી પી.બી.એમ. પોલિટેક્ષ મિલના વાઈસ પ્રેસિડન્ટ શ્રી સુરેશભાઈ કોટડિયાએ કર્યું હતું.

૬) કોલેજના કોમ્પ્યુટર લેબ વિભાગમાં પેટલાદના સીટીઝન અને વયમર્યાદાથી નિવૃત્ત થયેલ નગરજનો તેમજ પેટલાદ મહિલા મંડળ, તારાલક્ષ્મી સાર્વજનિક પુસ્તકાલય તથા ચં.કે. સાર્વજનિક પુસ્તકાલયના તમામ સભ્યોના ભાઈઓ તથા બહેનોને વિનામુલ્યે કોમ્પ્યુટર પ્રાથમિક શિક્ષણ આપવામાં આવ્યું.

૭) માર્ચ-એપ્રિલ-૨૦૧૦ માં ગુજરાત યુનિ.ની પરીક્ષામાં પેટલાદનું ૧૦૦ % પરિણામ જે પેટલાદ શહેર અને કોલેજનું ગૌરવ ગણાય.

૮) પેટલાદ કોલેજમાં શ્રી સી.સી.પટેલ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, વલ્લભ વિદ્યાનગર તેમજ શ્રી આર.કે. પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે સુવિખ્યાત ગણિતશાસ્ત્રી ડૉ. એમ.એસ.વસાવડાના અતિથિ વિશેષ ત્રિદિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેટલાદ,આણંદ અને ખંભાત તાલુકાની વિવિધ માધ્યમિક શાળાના ધો. ૮,૯,૧૦ ના ગણિત વિષયના શિક્ષકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

૯) સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ નિમિત્તે શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ પેટલાદના ઉપક્રમે ઈન્ટર કોલેજ કવીઝ સ્પર્ધા યોજાઈ હતી; જેમાંની આણંદ જિલ્લાની ખંભાત-ભાદરણ તથા પેટલાદની કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પેટલાદની આર.કે.પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ સ્પર્ધામાં પ્રથમ નંબરે આવી હતી.

૧૦) કોલેજના સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી નિમિત્તે વિષયવસ્તુ આધારિત પ્રવૃત્તિ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. જેમાં એફ.વાય.બી.એ.ના રાઠોડ વિનોદભાઈ પ્રથમ ક્રમે, એસ.વાય.બી.એ.ના સોલંકી ઈન્દિરાબેન બીજા ક્રમે અને ટી.વાય.બી.એ.ના બ્રહ્મભટ્ટ હેતલબેન ત્રીજા ક્રમે વિજેતા બન્યા હતા.

૧૧) કોલેજનામાં સ્વર્ણિમ ગુજરાત ઉજવણી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું જેવી કે વાનગી હરિફાઈ મહેંદી હરીફાઈ, શ્રૃત લેખન, વક્તૃત્વ સ્પર્ધા આયોજન કરવામાં આવ્યું હતું અને દરેક સ્પર્ધાનું સંચાલન કોલેજની પ્રાધ્યાપિક બહેન પ્રો. ઇન્દીરાબેન પટેલ, પ્રો. પ્રીતિબેન દવે, પ્રો સુધાબેન વ્યાસ સફળ રીતે કર્યું હતું.

૧૨) કોલેજમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. પી.એસ.પટેલના સીધા માર્ગદર્શન હેઠળ ૐ શાંતિ પેટલાદ શાખાના બ્રહ્માકુમારી પૂજ્યભગવતીબેનનો વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

૧૩) સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી નિમિત્તે ''વાંચે ગુજરાત'' કાર્યક્રમ હેઠળ કોલેજના ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓને કોલેજ ગ્રંથાલયમાં આવતા વિવિધ સામયિકો અને ઉત્ત પુસ્તકો તથા જીવન ચરિત્રોના સહેતુક વાંચનનું આયોજન હાથ ધરી વાંચેલા પુસ્તક કે સામયિક રીવ્યું લેખનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હતો. આ કાર્યક્રમનું સંચાલન કોલેજ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો.આઈ.એ.શેખ અને ગ્રંથપાલ સુમનભાઈ પારેખ કર્યું હતું

૧૪) કોલેજમાં I. I.T. અને પ્લેસમેન્ટ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસ અને કેરિયર ડેવલોપમેન્ટના હેતુથી તા. ૭-૮-૨૦૧૦
કોલેજમાં I. I.T. અને પ્લેસમેન્ટ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસ અને કેરિયર ડેવલોપમેન્ટના હેતુથી તા. ૭-૮-૨૦૧૦ શેલનું વિવિધત રીતે ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાય
રોજ પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હરેનભાઈ શાહ સાહેબના શુભ હસ્તે I. I.T. શેલનું વિવિધત રીતે ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાય ... પ્રો. વિજયભાઈ આર
હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કેમેસ્ટ્રી વિભાગના પ્રો. વિજયભાઈ આર
પટેલે કર્યું હતું.


૧૫) કોલેજનાં C.D.W.C. અંતર્ગત વોકેશનલ સર્ટિફિકેટ બ્યુટી પાર્લરના કોર્ષનું કેમેસ્ટ્રી વિભાગના અધ્યક્ષ ડૉ.આર.ટી.જશરાયના હસ્તે ઉદ્‌ઘાટન
કરવામાં આવ્યું હતું અને આ કોર્ષનું શિક્ષણ કાર્ય તેમજ પ્રાયોગિક કાર્ય કુ. ભુમિબેન પટેલ અને દિપીકાબેન પટેલે કર્યુંહતું.

૧૬) સાયન્સ સ્ટીલ સર્કલ-જ્ઞાન ધારા અંતર્ગત તા. ૩૦-૬-૨૦૧૦ ના રોજ પ્રો. જોષીપુરા સાહેબનું વકતવ્ય રાખવામાં આવેલ હતું.

૧૭) સાયન્સ સ્ટડી સર્કલ તથા કેમેસ્ટ્રી વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮-૮-૨૦૧૦ ના રોજ પ્રો. ડૉ. જે.ડી.જોષી સાહેબનું " Bioinorganic
Chemistry " પર વકતવ્ય રાખવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોએ મોટી સંખ્યામાં હાજર રહી વકતવ્ય માણ્યું હતું.


૧૮) "વાંચે ગુજરાત અંતર્ગત" તા. ૧૬-૦૮-૧૦ ના રોજ સાયન્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને
વાંચન માટે પુસ્તકો આપવામાં આવ્યા હતાં.


## ૧-માર્ચ-૨૦૧૦ થી ૧૬-ઓગસ્ટ-૨૦૧૦ સુધીમાં સંસ્થામાં થયેલ વિવિધ પ્રવૃત્તિના કાર્યક્રમના ફોટો



C.D.W.C. બ્યુટી પાર્લર કોર્સ ઉદ્‌ઘાટન
તા. ૮-૪-૨૦૧૦


બાયોલોજી મ્યુઝિયમ દર્શન તા. ૨૯-૬-૨૦૧૦


ગણિત-વિજ્ઞાનના શિક્ષકોનો વર્કશોપ
૨૮-૨૯-૩૦ જૂન-૨૦૧૦


ગણિત-વિજ્ઞાનના શિક્ષકોનો વર્કશોપ
૨૮-૨૯-૩૦ જૂન-૨૦૧૦


ગણિત-વિજ્ઞાનના શિક્ષકોનો વર્કશોપ
૨૮-૨૯-૩૦ જૂન-૨૦૧૦



સાયન્સ સ્ટડી સર્કલ : ૩૦ જૂન-૨૦૧૦
પ્રો. જોષીપુરા સાહેબનું વકતવ્ય




C.D.W.C. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય આવતા વિદ્યાર્થીઓ
તા. ૯-૭-૨૦૧૦



C.D.W.C. મહેંદી સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થિનીઓ
તા. ૨૨-૭-૨૦૧૦



સ્પોર્ટ્સ પ્રેક્ટિસ તા. ૨૬-૭-૨૦૧૦



ડિપાર્ટમેન્ટ એક્સચેન્જ લેકચર
લેકચરર પ્રો.વી.એન.વોરા (માઈક્રોબાયોલોજી) તા. ૨૮-૭-૨૦૧૦




C.D.W.C. વાનગી સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થિનીઓ
તા. ૧૪-૭-૨૦૧૦




કલસ્ટર લેવલ ક્વીઝ
જનરલ નોલેજ ક્વીઝ તા. ૨૬-૭-૨૦૧૦




બ્રહ્માકુમારીનું લેકચર તા. ૨૮-૭-૨૦૧૦




એન.એસ.એસ. ઉદ્‌ઘાટન તા. ૩૧-૭-૨૦૧૦




DELL Tall અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓને Tally નું શિક્ષણ



એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓ તા. ૧૫-૮-૨૦૧૦



એન.સી.સી. કેડેટસ તા. ૧૫-૮-૨૦૧૦



''વાંચે ગુજરાત'' અભિયાન પુસ્તકોનું અવલોકન કરતાં વિદ્યાર્થીઓ તા. ૧૬-૮-૨૦૧૦

* વિશ્વ આશ્ચર્યજનક વસ્તુઓથી ભરેલું છે પણ મનુષ્યથી મોટું આશ્ચર્ય બીજું કોઈ નથી. * બીજાના પરસેવાનો રોટલો પડાવી લેવા માણસ દયાળું પ્રભુની સહાય શોધે એના જેવું બીજુ શું ક્રૂર હોઈ શકે. * ખરેખર મહાન માણસ તે છે જે કોઈના ઉપર સવાર થતો નથી અને જેના ઉપર કોઈ સવાર થઈ શકતું નથી.

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃત્તિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે આ 'ઉત્થાન' માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To

From :-
આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬